सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ આવ્યા તારીખ | ૦૪/૦૩/૨૦૨૪. |
| કેસ દાખલ તારીખ | ૦૪/૦૩/૨૦૨૪. |
| કેસ નિકાલ તારીખ | ૧૮/૦૪/૨૦૨૬. |
| અવધિ | વર્ષ – માસ – દિવસ |
| | ૦૨ – ૦૧ – ૧૫ |
| આંક | |

# FORM - A

## મે. સુરતના સ્પેશ્યલ જજ (પોક્સો) તથા ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સ્પે. પોકસો કેસ નંબર : ૯/૨૦૨૪.**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૪–૦૦૭૦/૨૦૨૪. |
| **આક્ષેપિત ગુનાઓ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪(૨), ૬, ૮ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપીઓ** | (૧) કુપાશંકર વિશ્રુચરણ પાલ.<br>(૨) દેવનાથ રામસ્વરૂપ યાદવ. |
| **આરોપી નંબર : ૧ તરફે વિદ્વાન વકીલ** | શ્રી આર. ટી. ભોઇ. |
| **આરોપી નંબર : ૨ તરફે વિદ્વાન વકીલ** | શ્રી કે. આર. પટેલ. |

# FORM - B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ફરિયાદ આપ્યાના એક વર્ષ પહેલાથી ફરિયાદ આપ્યાના બે માસ પહેલાના સમયગાળા સુધી. |
| **ફરિયાદની તારીખ** | ૧૯/૦૧/૨૦૨૪. |
| **ચાર્જશીટની તારીખ** | ૦૪/૦૩/૨૦૨૪. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | ૦૩/૦૪/૨૦૨૫. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૨૯/૦૭/૨૦૨૫. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૧૦/૦૪/૨૦૨૬. |
| **ચુકાદાની તારીખ** | ૧૮/૦૪/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીઓની વિગત ::–

| | |
|---|---|
| **આરોપી નંબર : ૧ નું નામ** | કૃપાશંકર વિશ્વુચરણ પાલ,<br>રહેવાસી : રૂમ નંબર : ૧૫, પહેલો માળ, મહાવીર બિલ્ડીંગ, દુર્ગા નગર, કડોદરા, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત.<br>મૂળ રહેવાસી : ગામ–પોસ્ટ : કોટવપાન્ડે, થાના : દેહાત કોતવાલી, તાલુકો : મડીહા, જીલ્લો : મિર્જાપુર (યુ.પી.). |
| **ધરપકડની તારીખ** | ૨૦/૦૧/૨૦૨૪. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | આરોપી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)–(જે)(એન), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪(૨), ૬, ૮ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. |
| **શું સજા કરી** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–** | લાગુ પડતું નથી. |

| | |
|---|---|
| **૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | |

| | |
|---|---|
| **આરોપી નંબર : ૨ નું નામ** | દેવનાથ રામસ્વરૂપ યાદવ,<br>રહેવાસી : રૂમ નંબર : ૫૩, પાંચમો માળ, મહાવીર બિલ્ડીંગ, દુર્ગા નગર, કડોદરા, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત.<br>મૂળ રહેવાસી : ઓરવાં ગામ,<br>પોસ્ટ : ગૌરડીહા, થાના : રફીગંજ,<br>જીલ્લો : ઔરંગાબાદ (બિહાર). |
| **ધરપકડની તારીખ** | ૨૦/૦૧/૨૦૨૪. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | આરોપી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)–(જે)(એન), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪(૨), ૬, ૮ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. |
| **શું સજા કરી** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | લાગુ પડતું નથી. |

## **FORM - C**

### ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનારના માતા. | ફરિયાદી | ૧૦ |
| (૨) | ભોગ બનનાર. | ભોગ બનનાર | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| (૩) | ડૉ. ઉષા રતનસીંગ યાદવ. | તબીબી સાહેદ | ૧૪ |
| (૪) | ડૉ. ભૂમિકા અનંતભાઇ ચૌધરી. | તબીબી સાહેદ | ૧૮ |
| (૫) | ઐલેષકુમાર દિલીપભાઇ પટેલ. | એફ.એસ.એલ. સાહેદ | ૨૨ |
| (૬) | ડૉ. શિવમ્ પંકજભાઇ ચંદોક. | તબીબી સાહેદ | ૨૫ |
| (૭) | વિલાસભાઇ ચુનીલાલ ચૌધરી. | પંચ સાહેદ | ૨૭ |
| (૮) | ભાવિક દિનેશકુમાર શાહ. | તપાસનીશ અધિકારી | ૩૭ |

**ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–**

| **ક્રમ** | **દસ્તાવેજોની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૧૧ |
| (૨) | ભોગ બનનારનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન. | ૧૩ |
| (૩) | ભોગ બનનારનું મેડિકલ સર્ટીફીકેટ. | ૧૫ |
| (૪) | આરોપી કુપાશંકર પાલનું મેડિકલ સર્ટીફીકેટ. | ૧૬ |
| (૫) | આરોપી દેવનાથ યાદવનું મેડિકલ સર્ટીફીકેટ. | ૧૭ |
| (૬) | ભોગ બનનારની મેડિકલ તપાસ માટેની પોલિસ યાદી. | ૧૯ |
| (૭) | ભોગ બનનારનું ગાયનેક વિભાગનું મેડિલ સર્ટીફીકેટ. | ૨૦ |
| (૮) | ભોગ બનનારનો ડિસ્ચાર્જ કાર્ડ. | ૨૧ |
| (૯) | સ્થળ નિરીક્ષણ અંગેની પોલિસ યાદી. | ૨૩ |
| (૧૦) | એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ. | ૨૪ |
| (૧૧) | ભોગ બનનારની ઉંમર અંગેનું સર્ટીફીકેટ. | ૨૬ |
| (૧૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૨૮ |
| (૧૩) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ. | ૨૯ અને ૩૦ |
| (૧૪) | ભોગ બનનારના કપડાં કબજે કર્યાનું પંચનામું. | ૩૧ |

| | | |
|---|---|---|
| (૧૫) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ. | ૩૨ થી ૩૫ |
| (૧૬) | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું. | ૩૬ |
| (૧૭) | સૂચિપત્ર. | ૩૮ |
| (૧૮) | રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર. | ૩૯ |
| (૧૯) | એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ. | ૪૦ |
| (૨૦) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર. | ૪૩ |
| (૨૧) | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સિરોલોજી પરીક્ષણ અહેવાલ. | ૪૪ |

## -:: ચુકાદો ::-

(૧) હાલના કેસના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ-૪(૨), ૬, ૮ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એ મુજબની છે કે, ફરિયાદ આપ્યાના એક વર્ષ પહેલા રાત્રિના આશરે ૨૩:૦૦ વાગ્યાના સુમારે તેમજ ફરિયાદ આપ્યાના આશરે બે મહિના પહેલા સવારે ૯:૦૦ વાગ્યાના સુમારે કડોદરા ગામ, મહાવીર બિલ્ડીંગમાં આરોપી નંબર : ૧ નાએ પોતાના રૂમમાં તેમજ ફરિયાદીના રૂમમાં એકથી વધારે વખત અલગ અલગ સમયે ફરિયાદીની સગીર વયની ભોગ બનનાર દીકરી, ઉંમર ૧૨ વર્ષનીની એકલતાનો લાભ લઇ, તેણીને ડરાવી, ધમકાવી, બળજબરીથી, તેણીની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજારેલ અને ફરિયાદ આપ્યાના ત્રણ મહિના પહેલા સવારે ૧૧:૦૦ વાગ્યાના સુમારે આરોપી નંબર : ૨ નાએ પોતાના રૂમમાં એક વખત ભોગ બનનારની એકલતાનો લાભ લઇ, તેણીને ડરાવી, ધમકાવી, તેણીની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજારેલ અને બંને આરોપીઓએ ભોગ બનનારને આ બાબતની કોઇને જાણ કરશે તો તેણીને તથા તેણીની માતાને માર મારવાની

તેમજ કાપી નાખવાની ધમકી આપેલ. આ બનાવ અંગે ભોગ બનનારના માતાએ કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦-૨૩૨૪૦૦૭૦/૨૦૨૪ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ-૪(૨), ૬, ૮ મુજબના ગુનાઓનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ, જે ચાર્જશીટ સ્પે. પોકસો કેસ નંબર : ૯/૨૦૨૪ થી નોંધાયેલ.

(૪) આ કામના આરોપીઓ સદર ગુનાના કામે જયુડિશ્યલ કસ્ટડીમાં છે. આરોપીઓને મુદતે કોર્ટમાં હાજર રાખવામાં આવતાં તેઓને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ આંક : ૬ થી તહોમતનામું ફરમાવી આરોપીઓને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓનો અનુક્રમે આંક : ૭ અને આંક : ૮ થી જવાબ લેતાં આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૫) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૬) હાલના કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રીએ આંક : ૪૫ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આ કામના આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાની આક્ષેપિત હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી અને તેઓને ખોટી રીતે અટક કરી ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. આરોપી નંબર : ૧ તરફે વિ. વકીલ શ્રી આર.ટી. ભોઈની તથા આરોપી નંબર : ૨ તરફે વિ. વકીલ શ્રી કે. આર. પટેલની દલીલો સાંભળી.

(૮) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત ફરિયાદપક્ષ તબીબી પુરાવાઓથી સ્પષ્ટપણે પૂરવાર કરી શકેલ છે. ભોગ બનનારો પોતાના પુરાવામાં સમર્થનકારી હકીકતો જણાવેલ નથી, પરંતુ આંક : ૧૩ થી રજૂ નિવેદન જોતાં આરોપીઓએ ભોગ બનનાર સાથે બદ્કામ કરેલ હોવાની તથા મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાઇ આવે છે. વળી, ડૉકટર સમક્ષની હિસ્ટ્રી ધ્યાને લેતાં પણ આરોપીઓએ ભોગ બનનાર સાથે દુષ્કૃત્ય કરેલ હોવાની હકીકત જણાઇ આવે છે. પંચ સાહેદ વિલાસભાઇ ચૌધરીએ પંચનામાઓની હકીકતોને સમર્થન આપેલ છે. તપાસનીશ અધિકારી ભાવિક શાહે ફરિયાદીની ફરિયાદ લીધેલ અને ગુનાની તપાસ કરેલ. સાહેદ ભાવિક શાહે ફરિયાદ હકીકતને પોતાના પુરાવાથી સમર્થન આપેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૯) આ કામના આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી આર. ટી. ભોઈની તથા વિ. વકીલ શ્રી કે. આર. પટેલની રજૂઆત છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત પૂરવાર થઈ શકેલ છે, પરંતુ આરોપીઓએ ભોગ બનનારની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ હોય કે તેણીને તથા ફરિયાદીને મારી નાખવાની ધમકી આપી હોય તેવું પૂરવાર થઇ શકેલ નથી. ફરિયાદીને બનાવ અંગેની કોઈ હકીકત ભોગ બનનારે જણાવેલ નથી. ફરિયાદી અને ભોગ બનનાર આરોપીઓને ઓળખતા નથી અને તેઓનો પુરાવો જોતાં ભોગ બનનાર સાથે આરોપીઓએ કોઈ ખરાબ કામ કરેલ હોય તેવું પૂરવાર થતું નથી. આરોપી કુપાશંકર ભોગ બનનારના ઘરે જમવા આવતા હોય કે ભોગ બનનાર તેમના ઘરે જમવાનું આપવા જતા હોય

તેવું પણ પૂરવાર થઇ શકેલ નથી. ભોગ બનનાર ખુદ જણાવે છે કે, આરોપીઓએ તેણી સાથે કોઇ ખોટું કામ કરેલ નથી. ભોગ બનનારના પુરાવાથી આંક : ૧૩ ના નિવેદનને તથા ડૉકટર રૂબરૂની હિસ્ટ્રીને સમર્થન મળતું નથી. ભોગ બનનારની શારીરિક તપાસ દરમ્યાન તેણીના શરીર ઉપર ઈજાના કોઇ નિશાનો જણાઇ આવેલા નહીં. એફ.એસ.એલ.ના અહેવાલોમાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી. આરોપીઓએ ગુનામાં શું ભૂમિકા ભજવી તે ફરિયાદપક્ષ દર્શાવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ ન હોવાથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૦) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરે છે કે, ફરિયાદ આપ્યાના એક વર્ષ પહેલા રાત્રિના આશરે ૨૩:૦૦ વાગ્યાના સુમારે તેમજ ફરિયાદ આપ્યાના આશરે બે મહિના પહેલા સવારે ૯:૦૦ વાગ્યાના સુમારે કડોદરા ગામ, મહાવીર બિલ્ડીંગમાં આરોપી નંબર : ૧ નાએ પોતાના રૂમમાં તેમજ ફરિયાદીના રૂમમાં એકથી વધારે વખત અલગ અલગ સમયે ભોગ બનનાર (ઉંમર ૧૨ વર્ષ)ની એકલતાનો લાભ લઇ, તેણીને ધમકાવી, બળજબરીથી, તેણીની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજારી અને ફરિયાદ આપ્યાના ત્રણ મહિના પહેલા સવારે ૧૧:૦૦ વાગ્યાના સુમારે આરોપી નંબર : ૨ નાએ પોતાના રૂમમાં એક વખત ભોગ બનનારની એકલતાનો લાભ લઇ, તેણીને ડરાવી, ધમકાવી, તેણીની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજારી અને બંને આરોપીઓએ

ભોગ બનનારને આ બાબતની કોઇને જાણ કરશે તો તેણીને તથા તેણીની માતાને માર મારવાની તેમજ કાપી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ-૪(૨), ૬, ૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૩) શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

(૧) હકારમાં.
(૨) નકારમાં.
(૩) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નંબર - ૧ :-**

(૧૨) હાલના આરોપીઓ વિરૂદ્ધ ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ના ગુનાઓ સંબંધે તહોમત મૂકવામાં આવેલ છે, જે તહોમત સાબિત કરવા માટે ફરિયાદપક્ષે સૌ પ્રથમ ભોગ બનનાર ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ-૨(ડી) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયના સગીર વયના હતા કે કેમ તે સાબિત કરવાનું રહે. આ તબકકે નામ. સુપ્રિમ કોર્ટનો Jarnail Singh vs State of Haryana, (2013) 7 SCC 263 નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી બને છે. નામ. સુપ્રિમ કોર્ટે પેરા નંબર : ૨૦ માં ઠરાવેલ છે કે :-

*"Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we*

*are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub-rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. Only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12(3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion."*

(૧૩) સદર કામે આંક : ૧૧ ની ફરિયાદમાં ફરિયાદીએ પોતાની ભોગ બનનાર દીકરીની ઉંમર ૧૨ વર્ષની જણાવેલ છે, પણ આંક : ૧૦ ની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તારીખ યાદ ન હોવાનું જણાવેલ છે. ભોગ બનનારે જુબાની આપતાં સમયે પોતાની ઉંમર યાદ ન હોવાનું જણાવેલ છે.

ભોગ બનનારે પોતાની જન્મ તારીખ તથા બનાવ સમયની પોતાની ઉંમર અંગે કોઈ હકીકત જણાવેલ નથી. સદર કામે ભોગ બનનારની ઉંમર પૂરવાર કરવા માટે જન્મનો દાખલો, સ્કૂલ લિવીંગ સર્ટીફીકેટ જેવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ નથી. સદર કામે ભોગ બનનારની ઉંમર પૂરવાર કરવા માટે ડૉ. શિવમ પંકજભાઈ ચંદોકને આંક : ૨૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે રેસીડેન્ટ ડૉકટર તરીકે ફરજ બજાવે છે. તારીખ : ૨૪/૦૧/૨૦૨૪ ના રોજ આ સાહેદ સમક્ષ ભોગ બનનારને લાવવામાં આવતાં તેઓએ, ડૉ. રજત અરોરા તથા ડૉ. સિંધુજાનાઓએ બપોરના ૪:૩૦ કલાકે ઉંમર અંગેની તપાસણી શરૂ કરી ૪:૪૫ કલાકે પૂર્ણ કરેલ. ભોગ બનનારના હાથના તથા પેલવીસ વિથ બોથ હીપ જોઈન્ટ એ.પી. વ્યૂના એકસ–રે લેવામાં આવેલા, જે આધારે ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષથી વધુ અને ૧૪ વર્ષથી ઓછી જણાઈ આવેલ. સદર કામે આંક : ૨૬ થી ભોગ બનનારની ઉંમર અંગેનું સર્ટીફીકેટ રજૂ થયેલ છે. ઊલટતપાસમાંથી જણાઈ આવે છે કે, ઉંમરની ચકાસણીના રિપોર્ટ આધારે આંક : ૨૬ નું સર્ટીફીકેટ તેઓએ આપેલ. બોન ટેસ્ટમાં ઉંમરનો ફેરફાર હોવાની શકયતા રહે તેમ આ સાહેદે જણાવેલ છે. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકત તેઓની ઊલટતપાસમાંથી જણાઈ આવતી નથી. સદર કામે ભોગ બનનારની જન્મ તારીખ અંગેના કોઈ પુરાવા રજૂ થયેલ નથી, પરંતુ ડૉકટરશ્રીની જુબાની તથા આંક : ૨૬ નું સર્ટીફીકેટ ધ્યાને લેતાં ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષથી વધુ અને ૧૪ વર્ષથી ઓછી હોવાની હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે, જેનું ખંડન બચાવપક્ષ કરી શકેલ નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષથી વધુ અને ૧૪ વર્ષથી ઓછી હતી એટલે કે તેઓ સગીર વયના હતા તેવી હકીકત સ્પષ્ટપણે પૂરવાર થાય છે. આમ, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા તેવી હકીકત ફરિયાદપક્ષ સ્પષ્ટપણે પૂરવાર કરી શકેલ હોવાથી **મુદ્દા નંબર : ૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ :–**

(૧૪) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી કે જેઓ ભોગ બનનારના માતા છે, તેઓને આંક : ૧૦ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદી બિહારના હોવાથી તેઓ હિંદી ભાષા સમજતા હોવાથી હિંદી ભાષામાં તેઓની જુબાની નોંધવામાં આવેલ. ફરિયાદીના જણાવ્યા મુજબ ભોગ બનનાર તેમની બીજા નંબરની છોકરી છે, જેણે ધોરણ–૪ સુધી બિહાર ખાતે અભ્યાસ કરેલ અને ત્યાર બાદ અભ્યાસ છોડી દીધેલ. બનાવ સમયે ફરિયાદી પોતાના સંતાનો સાથે રહેતા અને બનાવના દિવસે ફરિયાદી મિલમાં મજૂરીકામ માટે ગયેલા. ભોગ બનનાર સાથે કાંઇ થયેલ નહીં તેમ ફરિયાદી જણાવે છે. ત્રણ વર્ષ થયેલ હોવાથી પોલિસ સ્ટેશન શી બાબતની ફરિયાદ કરવા ગયેલા તે તેમને યાદ નથી. ભોગ બનનારે કાંઇ જણાવેલ ન હતું તેમ ફરિયાદી જણાવે છે. ફરિયાદી આરોપીઓને ઓળખતા નથી. આરોપી કુપાશંકર ફરિયાદીની રૂમ ઉપર જમવા માટે આવતા ન હતા અને ફરિયાદી તેમના રૂમ ઉપર જમવાનું મોકલતા ન હતા. ફરિયાદી ગામ ગયેલા ત્યારે ભોગ બનનાર આરોપી કુપાશંકરને જમવાનું આપવા ગયેલ ત્યારે કુપાશંકરે ભોગ બનનાર સાથે શરીરસંબંધ બાંધેલ તથા આરોપી દેવનાથે પણ ભોગ બનનાર સાથે જબરજસ્તીથી શરીરસંબંધ બાંધેલ તેવું બનેલ નથી તેમ ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવે છે. સદર કામે આંક : ૧૧ થી ફરિયાદ રજૂ થયેલ છે. આરોપીઓએ શરીરસંબંધ બાંધેલ તેવી કોઇ હકીકત ભોગ બનનારે ફરિયાદીને જણાવેલ નથી. ફરિયાદીને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, તૈયાર કાગળમાં પોલિસે તેઓની સહી લીધેલી અને બનાવ અંગે ભોગ બનનારે ફરિયાદીને કોઇ હકીકત જણાવેલ નહીં. આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં ભોગ બનનાર સાથે કોઇ ખરાબ કૃત્ય થયું હોય તેવું ફલિત થતું નથી. આરોપીઓએ જબરજસ્તીથી શરીરસંભોગ કરેલ હોય તેવી કોઇ હકીકત ભોગ બનનારે ફરિયાદીને જણાવી હોય તેમ ફરિયાદીના પુરાવાથી ફલિત થતું નથી. ફરિયાદી તો આરોપીઓને ઓળખતા પણ નથી. આરોપી કુપાશંકર ફરિયાદીને ત્યાં જમવા આવતા હોય કે ફરિયાદી આરોપી કુપાશંકરની રૂમમાં જમવાનું મોકલતા હોય તેવી હકીકત પણ રેકર્ડ

ઉપર આવતી નથી. આરોપીઓએ ભોગ બનનાર સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી હકીકત ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવતી નથી. ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થન મળી શકેલ નથી. ભોગ બનનાર સાથે આરોપીઓએ કોઇ દુષ્કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત ફરિયાદી જણાવતાં નથી. ફરિયાદીના પુરાવામાંથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૫) સદર કામે ભોગ બનનારને આંક : ૧૨ થી તપાસવામાં આવેલા છે. ભોગ બનનાર હિંદી ભાષા જાણતાં હોવાથી તેઓની જુબાની હિંદી ભાષામાં નોંધવામાં આવેલ છે. ભોગ બનનારના પુરાવામાંથી જણાઇ આવે છે કે, તેણીની માતા એટલે કે ફરિયાદી કંપનીમાં કામ કરતા હતા અને તેણીના પિતા અમદાવાદમાં મજૂરીકામ કરતા હતા. ભોગ બનનાર આરોપીઓને ઓળખતા નથી. ભોગ બનનાર જણાવે છે કે, આરોપી કુપાશંકર તેમના ઘરે જમવા આવતા ન હતા તથા આરોપી કુપાશંકરના ઘરે જમવાનું આપવા તેઓ ગયા ન હતા. ભોગ બનનાર ખુદ જણાવે છે કે, બંને આરોપીઓએ તેણી સાથે કોઇ ખોટું કામ કરેલ નથી. માતાએ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ આપેલી અને ત્યાર બાદ પોલિસે તેમનું નિવેદન લીધેલ, મેડિકલ ચેકઅપ કરાવેલ અને તેણીનું કેર્ટમાં આંક : ૧૩ નું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવામાં આવેલ. ચાર્જશીટમાં આરોપીઓના ફોટા બતાવવા છતાં તેઓને ઓળખતા નથી તેમ ભોગ બનનારે જણાવેલ છે. ભોગ બનનારે મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૧ થી ૪ ના કપડાં જોઇ તે પોતાના હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ભોગ બનનાર સૂતા હતા ત્યારે આરોપી કુપાશંકરે તેમના રૂમમાં આવી દરવાજો બંધ કરી તેણીની મરજી વિરૂદ્ધ શારીરીક સંબંધ બાંધેલ હોય અને આરોપી દેવનાથે પણ તેણીનો હાથ પકડી તેના રૂમમાં ખેંચી લઇ જઇ તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી તેમ ભોગ બનનારે સ્પષ્ટપણે જણાવેલ છે. ભોગ બનનારને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટપાસમાંથી જણાઇ આવે છે કે, ભોગ બનનાર સાથે કોઇએ ખોટું કામ કરેલ નથી અને ભોગ બનનાર આરોપીઓને ઓળખતા નથી. આમ, ભોગ

બનનારનો સમગ્ર પુરાવો જોતાં આરોપી કુપાશંકર ભોગ બનનનારને ત્યાં જમવા આવતા હોય અથવા ભોગ બનનાર આરોપી કુપાશંકરને ત્યાં જમવાનું આપવા ગયા હોય તેવી હકીકત ફલિત થતી નથી. ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંબંધ બાંધવામાં આવ્યો હોય તેવી હકીકત પણ પૂરવાર થતી નતી. ભોગ બનનાર આરોપીઓને ઓળખતા પણ નથી. ભોગ બનનારનો પુરાવો જોતાં આરોપીઓએ તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ હોય કે તેણીને કોઇ ધમકી આપી હોય તેવી હકીકત જણાઇ આવતી નથી. આરોપીઓએ ગુનાના કામે કોઇ ભૂમિકા ભજવી હોય તેવું ભોગ બનનાર જણાવતાં નથી. આંક : ૧૩ ના નિવેદનની હકીકતોને ખુદ ભોગ બનનારે પોતાના પુરાવાથી સમર્થન આપેલ નથી. ભોગ બનનારનો પુરાવો જોતાં આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી, તેથી ભોગ બનનારનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૧૬) ડૉ. ઉષા રતનસીંગ યાદવનો આંક : ૧૪ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ પલસાણા સી.એચ.સી.માં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. આ સાહેદ સમક્ષ ભોગ બનનારને પોલિસ યાદી સાથે મેડિકલ તપાસ માટે લાવવામાં આવતાં આ સાહેદે ઓળખના ચિહ્નો નોંધેલા. ભોગ બનનારે આ સાહેદ સમક્ષ જણાવેલ કે, નવેમ્બર માસમાં બનાવ બનેલો અને તે પહેલા પણ બનાવ બનેલો, પણ તેણીને તારીખ અને મહિનો યાદ ન હતો. ભોગ બનનારની તપાસ કરતાં તેણીના શરીરે કોઇ ઇજા જણાઇ આવેલ નહીં. આંક : ૧૫ થી ભોગ બનનારનું મેડિકલ સર્ટીફીકેટ રજૂ થયેલ છે. તારીખ : ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ બંને આરોપીઓને આ સાહેદ સમક્ષ મેડિકલ તપાસ માટે લાવવામાં આવેલા. આરોપી કુપાશંકરે આ સાહેદ સમક્ષ જણાવેલ કે, તેણે બાર વર્ષની છોકરી સાથે તેણીના ઘરે અને પોતાના ઘરે ભોગ બનનારની મરજી વિરૂદ્ધ સેકસ્યુલ હેરેસ કરેલ અને આ બનાવ એક પહેલ પહેલા અને ત્યાર પછી બે મહિના પહેલા રાત્રિના બનેલો, જયારે આરોપી દેવનાથે જણાવેલ કે, ત્રણ મહિના પહેલા પોતાના ઘરે રાત્રે અગિયાર વાગ્યે ભોગ બનનારને મોલસ્ટ કરેલ. આ બંને આરોપીઓને તપાસમાં તેઓના શરીર ઉપર ઇજાના કોઇ નિશાનો જણાઇ આવેલા નહીં. આંક : ૧૬

અને આંક : ૧૭ થી આરોપીઓના મેડિકલ સર્ટીફીકેટ રજૂ થયેલા છે. ઊલટતપાસમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, ભોગ બનનારે હિસ્ટ્રીમાં આરોપીઓના નામ કે સરનામા જણાવેલ નહીં. ભોગ બનનારના શરીર ઉપર જબરજસ્તી કર્યાના કોઇ નિશાનો જણાઇ આવેલા નહીં. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ ભોગ બનનાર અને આરોપીઓની તપાસ કરેલી, જેમાં કોઇના શરીર ઉપર ઈજા જોવા મળેલ નહીં. આરોપીઓએ હિસ્ટ્રીમાં ભોગ બનનાર સાથે ખોટું કામ કરેલ હોવાની હકીકત જણાવેલ, પરંતુ ભોગ બનનારે પોતાના પુરાવામાં તેણી સાથે કોઇ ખોટું કામ થયું નથી તેવી હકીકત જણાવેલ છે. ભોગ બનનારે ડૉકટર સમક્ષની હિસ્ટ્રીમાં આરોપીઓના નામ જણાવેલ નથી. ભોગ બનનાર સાથે બળજબરી થઇ હોય તેવા કોઇ ચિહ્નો તેણીની તપાસ દરમ્યાન જણાઇ આવેલા નહીં. ભોગ બનનાર જયારે પોતાના પુરાવામાં જણાવે છે કે, આરોપીઓએ તેણી સાથે શરીરસંભોગ કરેલ નથી, ત્યારે આરોપીઓની ડૉકટર સમક્ષની હિસ્ટ્રીનું ખાસ કોઇ મહત્વ રહેતું નથી.

(૧૭) ડૉ. ભૂમિકા અનંતભાઇ ચૌધરીનો આંક : ૧૮ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ તારીખ : ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ સુરત સિવિલ હોસ્પિટલમાં ગાયનેકોલોજિસ્ટ વિભાગમાં ફરજ ઉપર હતા ત્યારે ભોગ બનનારને આંક : ૧૯ ની પોલિસ યાદી સાથે તેઓ સમક્ષ લાવવામાં આવેલા. ભોગ બનનારે આ સાહેદ સમક્ષ હિસ્ટ્રી આપેલ કે, આરોપી કુપાશંકર પાડોશી હોવાથી તેણી ઓળખે છે, આરોપી કુપાશંકરની રૂમમાં તેણી ટિફીન આપવા જતી હતી, નવેમ્બર : ૨૦૨૨ માં તેણી ઘરે એકલી હતી ત્યારે આરોપી કુપાશંકર તેણીના ઘરે ખાવાનું લેવા આવેલ અને આરોપીએ તેણીનું મોઢું બંધ કરી, કપડાં કાઢી તેણીના પ્રાઇવેટ પાર્ટ ઉપર ટચ કરેલ, ગાલ ઉપર કિસ કરેલ અને નવેમ્બર : ૨૦૨૩ માં આરોપીના ઘરે બનાવ બનેલો, જેનો આરોપીએ. વિડિયો ઉતારેલો અને આ વાત કોઇને કહેશે તો તેણીના માતાને તથા તેણીને મારી નાખશે તેવી ધમકી આપેલી. બનાવની જાણ ફરિયાદીને તારીખ : ૧૨/૦૧/૨૦૨૪ ના રોજ થયેલી. ભોગ બનનારે આ સાહેદ સમક્ષ આપેલ ઉપર મુજબની હિસ્ટ્રીને ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતું નથી. ભોગ બનનાર ખુદ જણાવે છે કે, તેણી સાથે આરોપીઓ પૈકી કોઇ પણ

આરોપીએ શારીરિક અડપલાં કરેલ નથી કે તેણી સાથે શરીરસંભોગ કરેલ નથી. આ સાહેદે ભોગ બનનારની શારીરિક તપાસ કરતાં બાહ્ય ઈજાના કોઇ નિશાનો જણાઇ આવેલા નહીં અને તેણીનો યુરિન પ્રેગનન્સી ટેસ્ટ નેગેટિવ હતો. ભોગ બનનારને બાહ્ય ઈજા કે જનાઇટલ ઈજા ન હતી, પરંતુ સેકસ્યુઅલ અસોલ્ટ રૂલઆઉટ કહી શકાય નહીં તેમ આ સાહેદે જણાવેલ છે. આંક : ૨૦ થી ભોગ બનનારનું મેડિકલ સર્ટીફીકેટ તથા આંક : ૨૧ થી ડિસ્ચાર્જ કાર્ડ રજૂ થયેલ છે. ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, ભોગ બનનારની તપાસ દરમ્યાન તેણીના શરીર ઉપર બળજબરીના કોઇ નિશાન જોવા મળેલ ન હતા. ભોગ બનનાર ફરિયાદી સાથે આવેલા અને મેડિકલ તપાસ માટે બંનેની સંમતિ લેવામાં આવેલી. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં ભોગ બનનાર સાથે બળજબરી થઇ હોય તેવી કોઇ હકીકત તપાસ દરમ્યાન જણાઇ આવેલ નહીં. ભોગ બનનારે આરોપી કુપાશંકર અંગેની જે હકીકત હિસ્ટ્રીમાં જણાવેલ છે, તેને ભોગ બનનારના પુરાવાથી લેશમાત્ર સમર્થન મળતું નથી. ભોગ બનનારે હિસ્ટ્રીમાં આરોપી દેવનાથ અંગે કોઇ હકીકત આ સાહેદ સમક્ષ જણાવેલ નહીં. ભોગ બનનારના જણાવ્યા મુજબ તેણી આરોપીઓને ઓળખતી નથી અને આરોપીઓ પૈકી કોઇ પણ આરોપીએ તેણીની છેડતી કરેલ નથી કે તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ નથી કે તેણીને કોઇ ધમકી આપેલ નથી, ત્યારે ભોગ બનનારની હિસ્ટ્રી સ્વરૂપનો સમર્થનાત્મક પુરાવો આરોપીઓને સજા કરવા માટેનો કોઇ આધાર બની શકે નહીં.

(૧૮) સાહેદ ચૈલેષકુમાર દિલીપભાઇ પટેલનો આંક : ૨૨ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ સાયન્ટિફીક ઓફિસર છે અને સદર ગુના સંદર્ભેની વર્ધી મળતાં તારીખ : ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ પોલિસ સ્ટાફ તથા ભોગ બનનારની હાજરીમાં સ્થળ નિરીક્ષણ કરેલું. ભોગ બનનારે કડોદરા, દુર્ગા નગર, મહાવીર બિલ્ડીંગની ત્રણ રૂમો ગુનાવાળી જગ્યા તરીકે બતાવતાં આ સાહેદે નિરીક્ષણ કરતાં કોઇ બનાવ સંબંધિત કોઇ પુરાવા મળી આવેલા નહીં. આ સાહેદે તપાસ અધિકારીને જરૂરી સૂચનો કરેલા. સદર કામે આંક : ૨૪ થી એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ રજૂ થયેલ છે.

ઊલટતપાસમાંથી પણ જણાઇ આવે છે કે, બનાવવાળી જગ્યાએથી કોઇ ગુનાહિત વસ્તુ કબજે કરવામાં આવેલ નહીં. આમ, એફ.એસ.એલ. અધિકારીના સ્થળ પરીક્ષણ દરમ્યાન ગુનાવાળી જગ્યાએથી ગુના સંબંધેના કોઇ પુરાવા મળી આવેલા નહીં. આમ, સદર સાહેદના પુરાવામાંથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૯) પંચ સાહેદ વિલાસભાઇ ચુનીલાલ ચૌધરીને આંક : ૨૭ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૨૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના, આંક : ૩૧ ના ભોગ બનનારના કપડાં કબજે કર્યાના પંચનામાના તથા આંક : ૩૬ ના આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદ નાયબ નિયામક, અનુ. જાતિ કલ્યાણ કચેરીમાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. આ સાહેદ તથા તેઓની સાથેના જુનિયર કલાર્ક દિલેશભાઇ ગામીતનાઓ કચેરીમાં હાજર હતા ત્યારે કચેરી અધિક્ષક મમતાબેને સદર ગુનાના કામે કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશનમાં જવાનું કહેતાં તેઓ તારીખ : ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ પોલિસ સ્ટેશન ગયેલા, જયાં ભોગ બનનાર, ફરિયાદી તથા પોલિસવાળા હાજર હતા. ભોગ બનનાર અને ફરિયાદીના જણાવ્યા મુજબ કડોદરા, દુર્ગા નગરમાં આવેલ મહાવીર બિલ્ડીંગ ખાતે તેઓ બધા ગયેલા, જે બિલ્ડીંગમાં ત્રણ અલગ અલગ રૂમો બતાવતાં તે જગ્યાઓ અંગે આંક : ૨૮ નું પંચનામું કરવામાં આવેલ. પંચ સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૫ અને ૬ ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદ રૂબરૂ ભોગ બનનારે બનાવ સમયના કપડાં રજૂ કરતાં તે આંક : ૩૧ ના પંચનામા અન્વયે કબજે કરવામાં આવેલા. પંચ સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૧ થી ૪ ના કપડાં ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદ રૂબરૂ આરોપીઓનું નામઠામ પૂછી આંક : ૩૬ ના પંચનામા અન્વયે અટક કરવામાં આવેલા. ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, આ સાહેદ ગુનાવાળી જગ્યાએ બે વાગ્યે પહોંચેલા અને પંચનામું કર્યા બાદ પોણા ત્રણ વાગ્યે પોલિસ સ્ટેશન ગયેલા. આ સાહેદના જણાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાએ જતા પહેલા સાડા બાર વાગ્યે ભોગ બનનારના કપડાંનું પંચનામું

પોલિસ સ્ટેશનમાં કરવામાં આવેલું. આરોપી કુપાશંકરના કપડાં ગુનાવાળી જગ્યાએથી કબજે કરવામાં આવેલા નહીં. આ સિવાયની ઊલટતપાસમાંથી બચાવપક્ષને મદદરૂપ થઇ શકે તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આ પંચ સાહેદનો પુરાવો જોતાં ભોગ બનનારે ત્રણ રૂમને ગુનાવાળી જગ્યા તરીકે બતાવતાં તે અંગેનું પંચનામું કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે, પરંતુ જયારે ભોગ બનનાર ખુદ જણાવે છે કે, તેણી સાથે આરોપીઓ પૈકીએ કોઇએ પણ બદ્કામ કરેલ નથી, શારીરિક અડપલાં કરેલ કે ધમકી આપેલ નથી, ત્યારે સદર પંચનામાઓનું કોઇ જ મહત્વ રહેતું નથી. સદર પંચનામાઓ ધ્યાને લેતાં આરોપીઓને આક્ષેપિત ગુનાઓ સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૨૦) સદર કામે તપાસ અધિકારી ભાવિક દિનેશકુમાર શાહને આંક : ૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓનો પુરાવો જોઇએ તો, આ સાહેદ તારીખ : ૧૯/૦૧/૨૦૨૪ ના રોજ કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશનમાં પોલિસ ઇન્સ્પેકટર તરીકે ફરજ ઉપર હતા ત્યારે ફરિયાદીએ તેઓ રૂબરૂ ફરિયાદ લખાવેલ અને હાલનો ગુનો નોંધાયા બાદ તપાસ મળતાં આ સાહેદે ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર મેળવેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, ભોગ બનનારના તથા આરોપીઓના બનાવ સમયના કપડાં પંચનામા અન્વયે કબજે કરેલા, ભોગ બનનારનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ, એફ.એસ.એલ. અધિકારી મારફત સ્થળ નિરીક્ષણ કરાવેલ, ભોગ બનનનારની તથા આરોપીઓની મેડિકલ તપાસ કરાવેલ, મુદ્દામાલ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ સાહેદે મુદ્દામાલ અદાલત સમક્ષ ઓળખી બતાવેલ. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૩૮ થી સૂચિપત્ર, આંક : ૩૯ થી રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર તથા આંક : ૪૦ થી મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ રજૂ થયેલ છે. આ સાહેદની ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, બનાવ એક વર્ષ પહેલા બનેલો અને ફરિયાદીએ બે અલગ

અલગ બનાવની માહિતી આપેલ. આ સાહેદે બનાવ એક વર્ષ પહેલા બનેલ હોવા અંગેની ખરાઇ કરેલી. આ સાહેદે આરોપીઓ જે બિલ્ડીંગમાં રહેતા હતા તેના મકાન માલિક પાસેથી ભાડા કરાર મેળવેલ નહીં કે મકાન માલિકનું નિવેદન લીધેલ નહીં. આ સાહેદે ભોગ બનનારના જન્મના દાખલા અંગે બિહાર મુકામે કે સ્કૂલમાં કોઇ ખરાઇ કરાવેલ નહીં. આ સિવાય તપાસની કામગીરી અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોનો આ સાહેદે ઇન્કારમાં જવાબ આપેલ છે. સદર સાહેદનો સમગ્ર પુરાવો જોઇએ તો, તેઓએ ફરિયાદીની ફરિયાદ લઇને ચાર્જશીટ દાખલ કરવા સુધીની કામગીરી કરેલ છે. આ સાહેદે તપાસની કામગીરીને સમર્થન આપેલ છે. આ સાહેદે આરોપીઓ જે રૂમમાં રહેતા હતા તેના ભાડા કરાર મેળવેલા નહી કે મકાન માલિકનું નિવેદન લીધેલ નથી તેમ જણાઇ આવે છે. આ સાહેદે ફરિયાદીના પાડોશીઓના તથા મકાન માલિકના નિવેદન ચાર્જશીટમાં સામેલ રાખેલ નથી તથા ભોગ બનનારની જન્મ તારીખ અંગેની કોઇ ખરાઇ પણ કરાવેલ નથી. અલબત્ત, સદર સાહેદનો સમગ્ર પુરાવો જોતાં તેમાંથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૨૧) સદર કામે આંક : ૪૪ થી એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સિરોલોજી પરીક્ષણ અહેવાલ રજૂ થયેલ છે. સદર અહેવાલ ધ્યાને લઇએ તો, આરોપીઓ કે ભોગ બનનારના કપડાં ઉપર રૂધિર, વીર્ય, લાળ કે વાળની હાજરી મળી આવેલ નહીં. આરોપીઓના પ્યૂબિક હેર, નખ ઉપર રૂધિર કે વીર્યની હાજરી મળી આવેલ નહીં. ભોગ બનનારના મેડિકલ નમૂનાઓમાં રૂધિર કે વીર્યની હાજરી મળી આવેલ નહીં. આમ, સદર અહેવાલમાંથી ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૨૨) આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત સ્પષ્ટપણે પૂરવાર થાય છે, પરંતુ ભોગ બનનાર સાથે આરોપીઓએ કોઇ દુષ્કૃતય કરેલ હોય તેવું પૂરવાર થઈ શકેલ નથી. ફરિયાદી જણાવે છે કે, તેમની ભોગ બનનાર દીકરી સાથે કોઇ બનાવ બનેલ નથી અને ભોગ બનનારે બનાવ

અંગેની કોઇ હકીકત તેમને જણાવેલ નથી. ભોગ બનનાર પણ જણાવે છે કે, તેણી સાથે કોઇ ખોટું કામ થયેલ નથી. ફરિયાદી અને ભોગ બનનારનો પુરાવો જોતાં એવી હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી કે, આરોપી કુપાશંકર ફરિયાદીને ત્યાં જમવા આવતા હતા તથા ફરિયાદીને ત્યાંથી આરોપી કુપાશંકરની રૂમમાં જમવાનું મોકલવામાં આવતું હતું. ભોગ બનનાર તથા ફરિયાદી આરોપીઓને ઓળખતા નથી. આરોપી કુપાશંકર ભોગ બનનારના ઘરે આવ્યો હોય તેવું પણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આરોપી કુપાશંકરે ફરિયાદીની રૂમમાં તથા પોતાની રૂમમાં ભોગ બનનારની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ હોય તેવી હકીકત સાબિત થઇ શકેલ નથી. આ ઊપરાંત, આરોપી દેવનાથ યાદવનાએ પોતાની રૂમમાં ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ હોય તેવી હકીકત પણ સાબિત થઇ શકેલ નથી. ભોગ બનનાર ખુદ જણાવે છે કે, આરોપીઓએ તેણી સાથે બદ્કામ કરેલ નથી. આરોપીઓએ ધમકી આપી હોય તેવું ભોગ બનનાર કે ફરિયાદી જણાવતાં નથી. આરોપીઓએ ગુનામાં શું ભાગ ભજવેલ હોય તે ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ફરિયાદી અને ભોગ બનનારને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ભોગ બનનારના પુરાવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબના આંક : ૧૩ ના નિવેદનની હકીકતને તથા ડૉકટર સમક્ષની હિસ્ટ્રીને કોઇ સમર્થન મળતું નથી. ભોગ બનનાર કે આરોપીઓના શરીર ઉપર ઇજાના કોઇ નિશાન જણાઇ આવેલા નહીં. એફ.એસ.એલ.ના અહેવાલોમાંથી પણ આરોપીઓની ગુનામાં સંડોવણી હોવાનું દર્શાવતી કોઇ હકીકત જણાઇ આવતી નથી. રજૂ થયેલ તમામ પુરાવાઓ ધ્યાને લેતાં આરોપીઓએ ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરેલ હોય કે તેણીને તથા ફરિયાદીને મારી નાખવાની ધમકી આપી હોય તેવી હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૨ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૩ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપીઓ (૧) કુપાશંકર વિશ્નુચરણ પાલ તથા (૨) દેવનાથ રામસ્વરૂપ યાદવનાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪(૨), ૬, ૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) તમામ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓ સદર ગુનાના કામે જયુડિશ્યલ કસ્ટડીમાં છે, જો તેઓની અન્ય ગુનાના કામે આવશ્યકતા ન હોય તો તેઓને તાત્કાલિક જેલમુકત કરવા જેલ અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ, લાજપોર, સુરતનાઓને યાદી કરવી.

(૪) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૮ મી, **માહે :** એપ્રિલ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૮/૦૪/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
સ્પેશ્યલ જજ (પોકસો) તથા
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594